આતંકવાદીઓના ભયમાં પોલીસનો નિર્દોષ યુવાન પર ગોળીબાર

લગ્નપ્રસંગમાં ઉમરેઠથી જમવા ગયેલા ચાર યુવાનની ગાડી ઉપર એએસઆઈએ કરેલા ગોળીબારમાં આશાસ્પદ યુવાન મરણતોલ ઘાયલ : વડોદરાની એસએસજી હોસ્પિટલમાં ઘાયલ યુવાનની હાલત ગંભીર

નડિયાદ,તા.૭

તાલુકા મથક ઉમરેઠમાં પોતાની બહેનને પરણાવવા માટે આવેલા ચાર યુવાનોની ગાડી ઉપર પોલીસ કર્મચારી દ્વારા બેરહમ રીતે ડાકોરમાં ગોળીબાર કરીને એક યુવાનને ગંભીર ઈજાઓ પહોંચાડવાની ઘટનાએ સમગ્ર પરિવારમાં ભારે ચિંતાનું વાતાવરણ પ્રસરાવી દીધું છે. ઉમરેઠ ખાતે પરમાર પરિવારના ઘરે લગ્ન હતા. લગ્નમાં આવેલા ચાર યુવાનો બહાર

જમવા માટે ગયા હતા. ત્યાંથી પરત ફરતા પોલીસે તેઓની ગાડીને રોકવાની કોશીષ કરી હતી. પરંતુ આ યુવાનોએ પોલીસના ડરથી ગાડીને ઉભી રાખી ન હતી જેથી તેઓની ઉપર એક પોલીસ કર્મચારી દ્વારા ફાયરીંગ કરીને એક યુવાનને હાથમાંથી પેટમાં ગોળી વાગતા તે ગંભીર રીતે ઘાયલ થયો હતો અને તેને હાલમાં વડોદરાની એસએસજી હોસ્પિટલમાં ખસેડાયો છે. જ્યાં તેની હાલત ગંભીર છે. જ્યારે બીજી તરફ બહેન આજે મેંહદી મુકેલા હાથે હૈયાફાટ રુદન કરીને ભાઈની જીંદગી માટે વલોપાત કરી રહી છે. ત્યારે આ બહેનના રુદનથી સમગ્ર પરમાર પરિવાર વ્યથિત બન્યું છે.

ઉમરેઠમાં પ્રવીણસિંહ પ્રભાતસિંહ પરમારની દીકરી નિરાલીના લગ્ન યોજાયા છે. રવિવારના દિવસે નડિયાદમાં તેણીની મંગળફેરા ફરવાના હતા તે પૂર્વે ઉમરેઠમાં સૌ પરિવારજનો અને વ્યવહારીજનોનો ભોજન સમારંભ યોજ્યો હતો. આ ભોજન સમારંભમાં રાત્રિના મોડું થઈ જતાં ચાર યુવાનો ઈન્ડીકા ગાડી નં. જીજે૧૮.એએક્સ.૪૮૫૫ લઈને જમવા માટે નીકળ્યા હતા. ડાકોરમાં હોટલો બંધ હતી જેથી તેઓ લાડવેલ ચોકડી તરફ ગયા હતા પરંતુ ચોકડીએ પણ બધી દુકાનો બંધ હોવાથી તેઓ જમ્યા વગર પરિવારજનો ચિંતા ન કરે તે માટે પરત ફર્યા હતા. પરત ફરતા લાડવેલ ચોકડી પાસે ખેડા એલસીબી પોલીસનું નાઈટ કોમ્બીંગ ચાલતુ હતું. અને દરેક ગાડીને તેઓ ઉભી રાખીને ચેકીંગ કરતા હતા. એલસીબી એએસઆઈ સરફરાજહુસેન ઈનાયતઅલી તથા તેઓની સાથે સરકારી વાહન નં જીજે૭.જી.૪૩૬ના ચાલક નાગજીભાઈ રેવાભાઈ, ભગવાનભાઈ વાલારામ, શ્રવણભાઈ સિયારામ અને શૈલેષભાઈ કળશસિંહ પણ પેટ્રોલીંગમાં હતા. અને આ સૌ પોલીસ કર્મચારીઓ વાહનોનું ચેકીંગ કરી રહ્યા હતા તે સમયે ઉપરોક્ત ઈન્ડીકા ગાડી લઈને ચાલક વિહતસિંહ નટવરસિંહ સોલંકી રહે.સેક્ટર-૩૦, ગાંધીનગર, મહેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ પરમાર રહે.હરીપુરા,બોરીયાવી, તથા વિનોદભાઈ રામસિંહ પરમાર રહે.હરીપુરા બોરીયાવી અને પ્રવીણસિંહ ગાંડાજી ઝાલા રહે.વહેલાલ, જી.અમદાવાદનાઓ પરત ફરી રહ્યા હતા તે સમયે પેટ્રોલીંગમાં ઉભેલા કર્મચારીઓએ આ ગાડીને ઉભી રાખવા માટે બેટરી તથા અન્ય સાધનોથી ઉભી રાખવાની કોશીષ કરી હતી. પરંતુ આ યુવાનોએ ઈન્ડીકા ગાડીને પોલીસના ડરથી ઉભી રાખી નહીં અને દોડાવી મુકી હતી. જેથી સરકારી વાહન સાથે આ ગાડીનો પીછો કરવામાં આવ્યો હતો. બંને ગાડીઓ આગળ પાછળ દોડતી દોડતી ડાકોરમાં પ્રવેશી હતી. અને ડાકોરના ગુજરી નાકા પાસે આ ગાડી નજરે પડતા તેનો પીછો કરીને ગાડીમાં બેઠેલા એએસઆઈ સરફરાજહુસેન ઈનાયતઅલીએ પોતાની સર્વિસ રિવોલ્વરમાંથી એક રાઉન્ડ ફાયર કરતા ગોળી ઈન્ડીકા કારના આગળના કાચમાં અથડાઈને ડ્રાયવરની બાજુમાં બેઠેલા મહેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ પરમારના હાથને વીંધીને પેટમાં ઘુસી ગઈ હતી. જેથી વિહતસિંહે તરત ગાડીને રોડની સાઈડમાં લઈ જઈને ઉભી કરી દીધી હતી. તે સમયે પીછો કરતી આવેલી પોલીસે ગાડીને ચોમેરથી ઘેરી લઈને ગાડીમાં તપાસ કરતા ડ્રાયવરની સીટની બાજુમાં બેઠેલા મહેન્દ્રસિંહ પરમારની ગંભીર હાલત જાણીને તેઓને તાત્કાલીક હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

બીજી તરફ આ યુવાનોની પુછપરછ કરતાં તેઓ ઉમરેઠ ખાતે પોતાની બહેનના લગ્નમાં આવ્યા હોવાનું અને લગ્નમાં જમવાનું મોડું થતાં તેઓ બહાર જમવા ગયા હોવાનું જાણ થતાં પોલીસ અવાક બની ગઈ હતી. આ ઘાયલ યુવાનને તાત્કાલીક સઘન સારવાર અર્થે વડોદરાની એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યાં તે ગંભીર હાલતમાં છે. બીજી તરફ નડિયાદમાં આજે બહેન નિરાલીના લગ્ન યોજાઈ રહ્યા છે. જેના

પરિણામે સમગ્ર પરમાર પરિવાર એક તરફ દીકરીના લગ્ન અને બીજી તરફ પુત્રની હાલતથી વ્યથિત બની ગયું છે. આ પ્રકારની ઘટનાના સંદર્ભે એલસીબીના એએસઆઈ સરફરાજહુસેન ઈનાયતઅલી દ્વારા ડાકોર પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી છે. આ ફરિયાદમાં ઉપરોક્ત ચારેય ઈસમો સામે પોલીસની ઉપર ગાડી નાખવાનો અને તેઓને મારી નાખવાનો ગુનો નોંધવામાં આવ્યો છે. સાથે સાથે ઈપીકો કલમ ૩૦૭, ૩૫૩, ૨૭૯, અને ૧૧૪ મુજબનો ગુનો નોંધીને પોલીસે વ્યાપક તપાસ હાથ ધરી છે.

પાલનપુર એલસીબીને માત્ર ૧૨ બોટલ ભરેલી જીપ દેખાઈ..!

પેટીઓ ભરેલી ટ્રકો ગુજરાતમાં ઠલવાય છે અને ધૂમ વેચાણ થાય છે તે ક્યાંથી આવે છે ?

પાલનપુર, તા. ૭

પાલનપુર નજીક એરોમાં સર્કલ પાસેથી પાલનપુર એલસીબીની ટીમે વિદેશી દારૂની ૧૨ બોટલ સાથે પસાર થઈ રહેલી મેક્ષ જીપને પકડી પાડી છે. રૂ. ૧.૦૩ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. નોંધનીય છે કે પેટીઓ ભરેલી ટ્રકો ગુજરાતમાં ઠલવાય છે અને દારૂનું ધૂમ વેચાણ થાય છે. અને સ્ટેટ બોર્ડરો ગણીગાંઠી છે તો આ દારૂ આવે છે ક્યાંથી ?

બનાસકાંઠા એસ.પી. નિરજ બડગુજરની સુચનાને આધારે પાલનપુર એલસીબી પીઆઈ કે.જે. પટેલની ટીમ પાલનપુર એરોમાં સર્કલ પાસે વાહન ચેકીંગમાં હતી તે દરમિયાન અમીરગઢ આબુરોડ તરફથી આવી રહેલી જીજે.૮.વી.-૭૫૭૧નું ચેકીંગ કરતાં તેમાંથી રૂ. ૩૬૦૦ની કિંમતની ૧૨ નંગ વિદેશી દારૂની બોટલો જીપમાંથી મળી આવી હતી. એલસીબીની ટીમે જીપ સહિત રૂ. ૧.૦૩૬૦૦નો મુદ્દામાલ ઝપ્ત કરી આવલ વિસ્તારના બુટાસિંહ તથા રંગતસિંહ ડાભીની ધરપકડ કરી પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શ્રી માલ્કેશ્વર મહાદેવ દાદાની દર વર્ષની જેમ આ વર્ષે પણ દાદાની ધામધૂમથી નગરયાત્રા નીકળી હતી. જેમાં શિવભક્તોએ દાદાની ઘરે ઘરે પધરામણી કરાવીને આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાના શિવાલયોમાં બમબમ ભોલે અને ૐ નમઃ શિવાયના નાદથી ગુંજ્યા હતા. શિવાલયોમાં વહેલી સવારથી જ ભાવિક ભક્તોના ઘોડાપુર દર્શનાર્થે ઉમટ્યા હતા. નવા ભવનાથ અને જુના ભવનાથના મેળામાં હૈયે-હૈયું ભીડાય તેટલી માનવ મેદનીના ઘોડાપુર જોવા મળતા હતા. ભોળા શ્રી શીવશંકર ભગવાનની હેપ્પી બર્થ-ડે સમી મહાશિવરાત્રીના મહાપર્વ નિમિત્તે શિવાલયોમાં બમ બમ ભોલે અને હર હર મહાદેવના નાદ ગુંજી ઉઠ્યા હતા. ભિલોડા નવાભવનાથમાં પરંપરાગત રીતે મેળો ભરાયો હતો.આ મેળો મહાલવા અને શિવજીના દર્શનાર્થે ભાવિક ભક્તોનાં કીડીયારાં ઉભરાયાં હતા. જુના ભવનાથ,રૂદ્રેશ્વર મહાદેવ(ગઢીયા-પાલ્લા), ખુમાપુર ગામ પાસે આવેલ પતલેશ્વર મહાદેવ મંદીરે પણ ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ભોળાનાથના દર્શને આવ્યા હતા.

વક્તાપુરની પરિણીતા પર પતિ - સાસરીયા દ્વારા અત્યાચારની ફરિયાદ

હિંમતનગર તાલુકાના વક્તાપુર ગામની પરિણીતા પર પતિ સહિત સાસરીયા ખોટો વહેમ રાખી એકબીજાની ચડમણીથી શારીરિક-માનસિક ત્રાસ આપી મારઝુડ કરતા મામલો હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો. મંગળવારે પરિણીતાએ જાનથી મારી નાખવાની ધમકી આપી ત્રાસ ગુજારનાર નવ સાસરીયા વિરૂદ્ધ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી સમગ્ર પ્રકરણની તપાસ હાથ ધરી છે.

પરિણીતાને ત્રાસ આપવાની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર વક્તાપુરના પરમાર વાસમાં રહેતા તલ્લીકાબેનના લગ્ન ગામના જ રોહિતભાઈ કાનાભાઈ પરમાર સાથે થયા હતા. પતિ, સાસુ, સસરા સહિતના સાસરીયા પરિણીતા તલ્લીકાબેન પર ખોટો વહેમ રાખી ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા હતા. મંગળવારે પતિ સહિત સાસરીયા દ્વારા મારઝુડ કરી શારીરિક-માનસિક ત્રાસ આપતા તેણીએ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં પહોંચી નવ સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પરિણીતાની ફરિયાદ આધારે રોહિતભાઈ કાનાભાઈ પરમાર (પતિ), કાનાભાઈ ખાનાભાઈ પરમાર (સસરા), શીવીબેન કાનાભાઈ પરમાર (સાસુ) ઉપરાંત જયંતિભાઈ કાનાભાઈ પરમાર, દિનેશભાઈ કાનાભાઈ પરમાર, હંસાબેન જયંતિભાઈ પરમાર અને ભાવનાબેન દિનેશભાઈ પરમાર (રહે. વક્તાપુર, હિંમતનગર વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હિંમતનગરમાં બંધ મકાનનું તાળુ તોડી અજાણ્યા શખ્સો દ્વારા ચોરી

હિંમતનગર, તા. ૭

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ છાબલી જૈનવાડીની બાજુમાં રહેતા રાકેશકુમાર શંકરલાલ બારોટના બંધ રૂમના દરવાજાનું તાળુ તોડી તિજોરી તથા સુટકેશમાં મુકેલ રૂ. ૬૦,૫૦૦ના સોના-ચાંદીના દાગીના તથા મોબાઈલ મળી રૂ. ૬૧,૬૦૦ની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે રાકેશકુમાર બારોટે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પ્રાંતિજના ચંચળબાનગર નજીકથી પશુ ચોરાયું

પ્રાંતિજના ચંચળબાનગરથી પોગલુ જવાના રોડ પર રહેતા મુકેશભાઈ શામળભાઈ પટેલના ઘરેથી શનિવારે અજાણ્યા શખ્સો રૂ. ૪૫ હજારની કિંમતના એક પશુની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે મુકેશભાઈ પટેલે તરત જ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. તેજ પ્રમાણે કાટવાડ રોડ પર રહેતા સોનાસણના અંદરસિંહ વજેસિંહ રાઠોડના ઘરેથી પણ અજાણ્યા શખ્સો રૂ. ૬૦ હજારની કિંમતના બે પશુની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે બંને પશુપાલકોએ તરત જ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ કુંભ

આજના ગ્રહોની કુંડળી



આજે અમાસનો યોગ છે. લગ્નમાં પાંચ ગ્રહો અને કેન્દ્રમાં બધા ગ્રહો ભારતમાં મોટી જાનહાની સર્જે છે. આજે શુક્રનો કુંભ રાશિમાં સંપૂર્ણ પ્રવેશ થઇ ગયો છે. આજે કાલસર્પ યોગ અને ચાંડાલ યોગ ચાલુ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...

મેષ પાંચમાં, આઠમા અને અગિયારમાં સ્થાનમાં બધા જ ગ્રહો આવી જતા હોવાથી આજે તમોને મિશ્રફળ મળશે. સારા નરસા પ્રસંગોમાંથી પસાર થવું પડે - સંતાનોથી સાચવવું.

વૃષભ કેન્દ્રમાં બધા જ ગ્રહો આવી જતા હોઈ આપની રાશિને નુકસાનકર્તા છે. ચોથા સાતમા - દસમાં સ્થાનમાં બધા જ ગ્રહો આવી જવાથી દિવસ ઉથલ પાથલવાળો જવા સંભવ છે.

મિથુન ત્રીજે - છઠ્ઠે - નવમે બધા જ ગ્રહો આવી જતા હોવાથી આજના દિવસનું આપને મિશ્રફળ મળવા સંભવ છે. ભાઈ ભાંડુઓ સાથે અણબનાવ થવા સંભવ છે.

કર્ક બીજે - પાંચમે - આઠમે પાપગ્રહો આવેલ છે તેમાંય આઠમે પાંચગ્રહોની યુતિ થયેલ છે તેથી સંતાનો બાબતે અને રાશિધારકના સ્વાસ્થ્ય અંગે ચિંતાજનક સ્થિતિનું નિર્માણ કરે છે.

સિંહ કેન્દ્રમાં બધા જ ગ્રહો આવી જતા હોવાથી આપને તકલીફોમાં મૂકી શકે છે. આજે તમારો દિવસ ચડઉતરવાળો મિશ્રફળ આપનારો જશે - સંતાનો પ્રગતિ કરશે. સાવચેતી રાખવી.

કન્યા બારમે રાહુ - ત્રીજે શનિ મંગળ અને છઠ્ઠે પાંચ ગ્રહોની યુતિના કારણે આજે દિવસ મિશ્રફળ આપનાર - ચડઉતર કરનાર બનાવોવાળો - જવાનો સંભવ છે. સાવચેતી રાખવી.

તુલા બીજે મંગળ - શનિની યુતિના કારણે જમીન - મકાનના વહેવારોમાં આપને ફાયદો થવા સંભવ છે - સ્વગૃહી મંગળ આપને જમીન - મકાનના સોદામાં ફાયદો - લાભ કરાવે.

વૃશ્ચિક રાશિનો માલીક રાશિપતિ મંગળ આપની રાશિમાં હોઈ રાજ્ય તરફથી - સરકાર તરફથી - અને મંગળ લોકનાયક હોવાથી લોકો તરફથી અપ્રતિમ ચાહના મેળવનારો દિવસ જાય.

ધન બારમે મંગળ ખોટા સાહસ કરાવે - ખોટા ખર્ચા કરાવે - દેવામાં ઉતારે - શેર સટ્ટા - જુગારથી દૂર રહેવું. નહીં તો તમારી પાસે હશે તે પણ જશે - ધ્યાન રાખશો તો પસ્તાવું નહીં પડે.

મકર આઠમે રાહુ - બીજે સૂર્યની ચારગ્રહો સાથેની યુતિના કારણે આપે પડવા - વાગવા - દાઝવા - વિષ પ્રયોગથી સાચવવું - નિષ્કાળજી રાખશો તો પસ્તાવાનો પાર નહીં રહે. સાવધ રહેવું.

કુંભ રાશિમાં પાંચ ગ્રહોની યુતિ તેમજ સાતમે ચાંડાલ યોગ તેમજ દસમે શનિ મંગળની યુતિ આ બધા યોગો તમારો દિવસ મૂંઝવણભર્યો સમજ ન પડે તેવો પસાર કરાવે.

મીન રાશિપતિ ગુરુ છઠ્ઠે રાહુ સાથે તેમજ ંદ્ર પ્રતિયુતિમાં બારમે હોઈ ગ્રહણ યોગ, કાલસર્પ યોગથી દુષિત થાય છે - ચાંડાલ યોગથી ગુરુ દુષિત થાય છે. દિવસ સામાન્ય જાય - ભક્તિ કરવી.

ક્ષણના ચણીબોર ● ૪ પાનાનું ચાલુ...

મરતી વખતે સાથ છોડે, મોઢાં હોય મશવાળાં..., ઉડી જાવ પંખી પાંખુંવાળાં

પૂજય મોરારીબાપુની ફેબ્રુઆરી-માર્ચ-૨૦૧૫ની કથામાં 'માનસ કાગરુષિ' ને કેન્દ્રમાં રાખી અનેક સર્જકો-કવિઓને ગૌરવપૂર્ણ ભાવાંજલિ આપવામાં આવી હતી. ભગત બાપુને 'સૂત્રદ્રષ્ટા' ગણાવીને મોરારીબાપુએ નીલગિરિના કાગભુશંડિથી લઈને મજાદરના કવિ કાગ વચ્ચે સંવાદના ઉજળા સેતુંનું રસદર્શન કરાવ્યું હતું.

યહ પ્રભુ ચરિત પવિત્ર સુહાવા
કહહુ કૃપાલ કાગ કહેં પાવા !
કહહુ કવન વિધિ ભા સંવાદા
દોઉ હરિભગત કાગ ઉરગાદા !!

માનસ કાગર્ષિની મોરારીબાપુએ નિજાનંદે ગાયેલી આ પ્રેમ કથાના પડઘા સમયના પ્રવાહને અતિક્રમીને દુનિયાના અનેક સાહિત્ય પ્રેમીઓના અંતરમાં અનંત કાળ, સુધી જીવંત તથા ધબકતા રહેશે તે નિર્વિવાદ છે. કવિ કાગ માટે લખાયેલા આંગણકાના ગીગાભાઈ કુંચાળાના શબ્દો વિસ્મૃત થઈ શકે તેવા નથી.

દાઢીવાળા દેખીયાં નર
એક રવીન્દ્રનાથ,
'(દુજો) સર પટ્ટણી સમરથ
દેવ ત્રિજો તું દુલીયા.

ગુલમોર ● ૪ પાનાનું ચાલુ...

સાવજની સાથે રહેવાનું પસંદ કરો છો કે શિયાળ, વરુ અથવા રિંછની સંગત પસંદ કરો છો. પ્રેમસંબંધમાં પણ આવું જ હોય છે. તમે કયા પાત્રની પસંદગી કરો છો, એના ઉપર તમારી જિંદગીનો મોટા ભાગનો આધાર રહેલો હોય છે.

સ્ટોપર:

"સારા સમયની સાથે રહેવા કરતા સારા વ્યક્તિ સાથે રહેવાનું પસંદ કરવું જોઈએ, કારણ કે સારો સમય સારી વ્યક્તિ નહીં આપી શકે પરંતુ સારો વ્યક્તિ સારો સમય અવશ્ય આપી શકશે."

કેસ દાખલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ધારાધોરણોને ખુલ્લીરીતે ભંગ કરવામાં આવ્યો હતો. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા પુછપરછનો સિલસિલો પહેલા પણ હાથ ધરવામાં આવ્યો હતો. એવી ખાતરી કરવાના પ્રયાસ થઈ રહ્યા છે કે મિત્ર દેશોમાં વિજય માલ્યા ફરાર ન થાય છે. અગાઉ ઈન્ડિયન પ્રિમિયર લીગના પૂર્વ કમિશનર લલિત મોદી ફરાર થઈ ગયા હતા જેથી લલિત મોદીને લાવવાની બાબત મુશ્કેલરુપ બની ગઈ છે. રેડકોર્નર નોટિસ અનેક વખત જારી કરવામાં આવી હોવા છતાં લલિત મોદીને લાવવામાં સફળતા મળી નથી. બીજી બાજુ એન્ફોર્સમેન્ટ અધિકારીઓ દ્વારા ભારત અને વિદેશમાં રહેલી વિજય માલ્યાની સંપત્તિ શોર્ટ લિસ્ટિંગ કરવાની પ્રક્રિયામાં પણ છે. ડીઆરટી દ્વારા કેટલાક આદેશો પણ જારી કરવામાં આવી રહ્યા છે. વિજય માલ્યા એક સમય ખુબ જ શક્તિશાળી લોકોમાં સામેલ હતા. એસબીઆઈ દ્વારા માલ્યાની ધરપકડ કરવાની માંગ કરતી એક અરજી સહિત ત્રણ જુદી જુદી અરજીઓ દાખલ કરી છે. સાતે સાથે તેમના પાસપોર્ટને જપ્ત કરવાની માંગ પણ કરી છે. બેંકે ડીઆરટી સમક્ષ રજૂઆત કરી છે.

લોનના મામલામાં માલ્યા ડિફોલ્ટ રૂયા બાદ એસબીઆઈ આક્રમક વલણ અપનાવ્યું હતું. ડીઆરટીએ ૭૫ મિલિયનના પેકેજ ઉપર પ્રથમ અધિકાર મેળવવા માટે અરજીને પ્રાથમિકતાના આધારે હાથ ધરી છે. ડીઆરટીએ કહ્યું છે કે, તે મોડેની તારીખ ઉપર આ ત્રણ અરજીઓ ઉપર સુનાવણી હાથ ધરશે. એસબીઆઈ એવી ૧૭ બેંકોના કન્સોર્ટિયનમાં સામેલ છે જે બેંકોએ કિંગફિશર એરલાઈન્સને જંગી નાણા આપ્યા હતા. એસબીઆઈએ તેમની પાસેથી ૭૦૦૦ કરોડ રૂપિયાની રિકવરીના હેતુસર માલ્યા સામે ડીઆરટીમાં રજૂઆત કરી હતી. વિજય માલ્યાની તકલીફ છેલ્લા ઘણા સમયથી અકબંધ રહી છે. એક પછી એક મામલાઓમાં તેમનું નામ સપાટી ઉપર આવ્યું છે. હવે ઈડી દ્વારા તેમની સામે કેસ દાખલ કરાતા તેમની પુછપરછનો તબ્બો તૈયાર કરાયો છે. વિજય માલ્યા જુદા જુદા કારોબારમાં જોડાયેલા રહ્યા છે. ઈન્ડિયન પ્રિમિયર લીગમાં પણ તેઓ જોડાયેલા રહી ચુક્યા છે. આ ઉપરાંત શરાબના કારોબાર સાથે પણ જોડાયેલા રહ્યા છે. કિંગફિશરને લઈને તેમની પ્રતિષ્ઠાને ફટકો પડ્યો હતો.

કમાન્ડો તૈનાત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અધિકારીઓએ આજે કેટલાંક મહત્વના સ્થળોની મુલાકાત લીધી હતી. હોસ્પિટલ, ધાર્મિક, સ્થળો તેમજ ભીડભાડ વાળા વિસ્તારોનાં એન એસ જી દ્વારા મુલાકાત લેવાઈ હતી અને સુરક્ષાને ધ્યાનમાં લઈને ચુસ્ત તપાસ કરવામાં આવી હતી. અમદાવાદના ઝોન ૪ ડીસીપી અને શાહીબાગના પીઆઈ એ આજે સિવીલ હોસ્પિટલની મુલાકાતે આવ્યા હતા પોલીસ દ્વારા સીવીલના તંત્ર સાથે હાઈ એલર્ટના મુદ્દે એક બેઠક યોજાવામાં આવી હતી. સિવિલ સુપ્રિટેન્ડેન્ટે તમામ ડોકટર્સને હાજર રહેવાના આદેશ આપ્યા હતા અને સીવીલ હોસ્પિટલની પણ સુરક્ષા વધારાઈ હતી. સિવીલ હોસ્પિટલમાં ૧૮૦ હોમગાર્ડ જવાન, ૬૦ ગાર્ડ અને ૫ પોલીસ કર્મીઓ સુરક્ષાને પગલે તેનાત કરવામાં આવ્યા હતા. હાઈ એલર્ટને પગલે તમામ ડોકટર્સને ૧૨ માર્ચ સુધી રજાઓ રદ કરવામાં આવ્યા હતા. ટ્રોમા સેન્ટર, પ્રવેશ દ્વારા દ્વારા પર મેટલ ડિટેક્ટર મુકવામાં આવ્યા હતા, ૯ હેન્ડ મેટલ ડિટેક્ટર, ૪ ડોર મેટલ ડિટેક્ટર પણ મુકવામાં આવ્યા હતા. પોલીસો દ્વારા શંકાસ્પદ લોકોની પુછપરછ કરવામાં આવ્યા હતા. તેમજ વાહન ચેકીંગો પણ કરવામાં આવ્યું હતું. સુરક્ષા કર્મીઓને ૩૨ કિ.મી રેન્જવાળી રોકી રોકી આપવામાં આવ્યા હતા. જરૂર પડે તો વધુ પોલીસનો કાફલો તેનાત કરવામાં આવશે. સમગ્ર રાજયમાં શહેરોમાં સુરક્ષા વ્યવસ્થા વધુ કડક બનાવવામાં આવ્યું હતું એન એસ જીની ટીમ દિલ્હીથી અમદાવાદ પહોંચી ગઈ હતી. આજે શિવરાત્રીનું પર્વ હોવાથી સોમનાથ, દ્વારકા, ગીરનાર, અક્ષરધામ તેમજ અંબાજી મંદિરોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યું હતું.

આ ઉપરાંત મુંબઈ, દિલ્હી, ચેન્નઈ, કોલકતા, અને બેંગલુરુ જેવા મહત્વના સ્થળો, રેલ્વે સ્ટેશન અને એરપોર્ટ પર કડક સુરક્ષા ગોઠવવામાં આવી છે. આઈબીના એલર્ટને પગલે જ્યોતિલીંગ સોમનાથ મંદીરમાં પણ કડક સુરક્ષા ગોઠવી દેવામાં આવી છે. જેમાં એન એસજીના કમાન્ડો અને એસઆરપીના જવાનોને ગોઠવી દેવામાં આવ્યા હતા. નર્મદા બંધ પર હાઈએલર્ટ જાહેર કરતાં નર્મદા બટાલીયન દ્વારા નર્મદા બંધ પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવી છે. સમગ્ર જિલ્લામાં સઘન ચેંકીંગ તેમજ રાત્રી પેટ્રોલીંગ પણ કરવામાં આવી હતી. નર્મદા ડેમમાં આવતા પ્રવાસીઓની પણ કડક ચેંકીંગ કરવામાં આવી રહ્યું છે. રાજયભરના તમામ એરપોર્ટ પર સીઆઈએસએફ લોકલ પોલીસ તેમજ બોમ્બ સ્કોર્ડ અને ડોગસ્કવોર્ડ સહિત સઘન ચેંકીંગ કરવામાં આવી રહ્યું છે.

પરિવારો ઉમેરાયા.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧ અરજી અને ૨૦૧૪-૧૫માં ૧૫ અરજીઓનો સ્વીકાર કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં ૧,૨૩,૬૬૮ અરજીઓ બીપીએલમાં સમાવવાની ગ્રાહ્ય રાખવામાં આવી છે. જ્યારે ૨,૫૯,૬૯૪ અરજીઓ જિલ્લા તંત્રોએ ના મંજૂર કરી છે. ૨૦૦૭ જેટલી અરજીઓ હાલ તંત્રમાં પડતર હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે.